| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૧/૦૧/૨૦૨૪    રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૦૭/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૧ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ  જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૦૮/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-    સમાચાર યાદી નં.૧૦૯/૨૦૨૪

**નવરંગપુરાઃ** જાગૃતિબહેન વા/ઓ વિજયભાઈ મકવાણા (ઉ.વ.૨૭) (રહે. દિવ્યજીવન સત્ય સનરાઈઝ બિઝનેશ પાર્કની બાજુમા ગુરૂકુલ સર્કલ નિકોલ) એ તા.૨૦/૦૧/૨૦૨૪ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૪/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પાર્ક પ્રીવેરા હોલીડેઝ પ્રા.લી.કંપનીના ડિરેક્ટર (૧) રાહુલ ગુપ્તા તથા (૨) અલી અંસારી (૩) જાનવી પટેલ અને (૪) ફેઝાન એ ભેગા મળી નવરંગપુરા પંચવટી સર્કલ પાસે રેડીસન બ્લ્યુ હોટલ ખાતે સેમીનારનુ આયોજન કરી જાગૃતિબહેન મકવાણાને સેમીનારમા બોલાવી તેઓની કંપનીના કર્મચારી જાનવી પટેલ તથા ફેઝાન દ્વારા દર પાંચ વર્ષ માટે દર વર્ષે એકવાર સાત રાત્રી તથા આઠ દિવસનુ એક હોલીડેઝ પેકેજ આપવાનુ કહી તેઓ પાસેથી રૂપિયા ૭૫,૦૦૦/- લઈ એક વર્ષ તેઓને પેકેજ મુજબ સર્વિસ આપી વિશ્વાસમાં લઈ ત્યારબાદ જણાવેલ પેકેજ મુજબની સર્વિસ નહી આપી જાગૃતિબહેન મકવાણા તેમજ અન્ય સાહેદ પાસેથી મળી કુલ રૂપિયા ૨,૬૨,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** મયંક પ્રવિણકુમાર શાહ (ઉ.વ.૩૭) (રહે. સફલ આમ્રકુંજ ગોકુલધામ સોસાયટી શાંતિપુરા સનાથલ સરખેજ) એ તા.૨૦/૦૧/૨૦૨૪ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આઠ મહીના અગાઉથી આજરોજ સુધીના સમયગાળા દરમ્યાન ચાંદલોડીયા જ્ઞાનજ્યોત વિઘાલયની બાજુમાં આલ્ફા શોપીંગ સેન્ટર લાભ લક્ષ્મી ઓર્નામેન્ટ પ્રા.લી દુકાન નં- સી/૬,૭,૮,૯,૧૦ ખાતેથી મયંક શાહની દુકામમાં કામ કરતા આરોપી (૧) મીથુનદાસ સુકુમાર દાસ (રહે. ગુર્જર એપાર્ટમેન્ટ ન્યુ રાણીપ (મુળ વતન. તલડા (પર્શ્ચીમ), તલડા, દન્તાન પર્શ્ચીમ, મેન્દીનીપુર, પશ્ચીમ બંગાળ) દુકાનમાંથી કુલ ૧૧૦૦ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૬૯,૩૦,૦૦૦/- અને આરોપી (૨) સૌવીક દાસ (રહે. જ્યુપીટર સોસાયટી, ગીરીરાજ સોસાયટીની બાજુમાં ચાંદલોડીયા) ૪૩૭ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૨૭,૫૩,૧૦૦/- ચોરી કરી અસલ સોનામાં તાંબુ તથા ચાંદી મીક્ષ કરી મયંક શાહને વિશ્વાસમાં લઇ વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી કુલ રૂપિયા ૯૬,૮૩,૧૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચૌઘરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૦/૨૦૨૪**

**નારણપુરાઃ** કલ્પેશ કેશવલાલ દવે (ઉ.વ.૬૪) (રહે. બનાસ સરદાર પટેલ નગર ગુજરાત હાઉસિંગ બોર્ડ શાસ્ત્રીનગર સામે ઘાટલોડીયા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે. તા.૨૦/૦૧/૨૦૨૪ બપોરના ૧/૩૦ થી પાંચેક દિવસ પહેલાના સમયગાળા દરમ્યાન નારણપુરા કામેશ્વર સર્કલ પાસે ઇન્દ્રજીત સોસાયટી ખાતે આવેલ પોતાના મકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી વડિલો પાર્જીત જુનવાણી સામાન તાંબા, પિત્તળ, જર્મન સિલ્વરની પુર્વજોની અમુલ્ય વસ્તુઓ લોટા, થાળી, વાટકા, તરભાણા વિગેરે જેવા વાસણો તથા જુનવાણી ચાંદીના સિકકાઓ, તેમજ ચાંદીની બીજી નાની પરચુરણ વસ્તુઓ મળી કુલ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**મણીનગરઃ** અમિતભાઇ ચંદ્રપ્રકાશ કલવાણી (રહે. શ્રીનાથ એપાર્ટમેન્ટ ગોપાલટાવરની ગલીમાં મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૪ રાતના ૧૦/૧૫ થી તા.૨૦/૦૧/૨૦૨૪ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર શાહ આલમ ટોલનાકા ખાતે મહેશ રેડીમેટ સ્ટોર્સ નામની દુકાનના શટરનું તાળું તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૬૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.ડી.પટેલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૧/૨૦૨૪</u>**

**સોલા હાઈકોર્ટઃ** મનીશભાઇ જનુભાઇ પટેલ (ઉ.વ.૪૪) (રહે. સુર્યાય બંગ્લોઝ નીલગીરી ચાર રસ્તા સોલા-ભાગવત રોડ સોલા) એ તા.૨૦/૦૧/૨૦૨૪ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સોલા સાયન્સ સીટી રોડ અષ્ટમંગલ મહાદેવ મંદીરના મેઇન ગેટ બહાર પાર્ક કરેલ કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ અંગેની ફરીયાદ મનીશભાઇ પટેલ એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**<u>બેગ ઝુંટવી લઇ ગયાઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૨/૨૦૨૪</u>**

**નરોડાઃ** ઉષાબા જીતેન્દ્રસિંહ ચૌહાણ (ઉ.વ.૪૮) (રહે. નંદી પાર્ક સોસાયટી નોબલ સ્કુલની નજીક સૈજપુર બોઘા કૃષ્ણનગર) તા.૨૦/૦૧/૨૦૨૪ સવારના ૫/૧૫ વાગ્યાના સુમારે નરોડા પાટીયા એસ.ટી.બસ સ્ટેન્ડ ખાતે ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઉષાબા ચૌહાણના હાથમાંથી બેગ ઝુંટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં મંગળસુત્ર, સોનાની વિંટી, મોબાઈલ ફોન, કપડા અને રોકડ રૂપિયા ૧૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૭,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ ઉષાબા ચૌહાણ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.ચૌહાણ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૩/૨૦૨૪</u>**

**સોલા હાઈકોર્ટઃ** પ્રિયા ડો/ઓ દિનેશભાઈ લીંબાચીયા (ઉ.વ.૧૫) (રહે. નીલકંઠ હોમ્સ હરીવીલા ફ્લેટ પાછળ ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૧/૨૦૨૪ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી